ગંગા નદીના કિનારે
એક પ્રાર્થના યાત્રા

હિંદુ લોકો માટે
7 દિવસની પ્રાર્થના

પ્રાર્થના માર્ગદર્શિકા 2026

"...હું તરસ્યાને જીવનનાં પાણીના ઝરામાંથી મફત જળ આપીશ." પ્રકટીકરણ 21:6



આ અઠવાડિયે ઈસુ સાથે યાત્રા કરવાનું આમંત્રણ — ગંગા નદીના કિનારે આવેલાં મુખ્ય શહેરોની મુલાકાત લઈને,
લાખો લોકોને જીવતા પાણીના ઝરા અને જગતના પ્રકાશને ઓળખવા તથા અનુસરવા આમંત્રણ આપીએ

IPC 110 Cities fft finishing the task

ગંગા નદીના કિનારે
એક પ્રાર્થના યાત્રા

હિંદુ લોકો માટે
7 દિવસની પ્રાર્થના

પ્રાર્થના માર્ગદર્શિકા 2026

પરિચય

બરફથી ઢંકાયેલાં શિખરો જ્યાં આકાશને સ્પર્શે છે એવા ભવ્ય હિમાલયમાંથી મહાન ગંગા નદી પોતાની યાત્રા શરૂ કરે છે. નેપાળ અને ઉત્તર ભારત નજીકના પર્વતીય પ્રદેશોમાંથી નીકળીને તેનાં પાણી ખીણો, મેદાનો, ગીચ શહેરો અને ગ્રામીણ ગામડાંમાંથી વહીને છેવટે સમુદ્ર સુધી અને તેનાથી પણ આગળ પહોંચે છે. આ પવિત્ર માર્ગ પર સુવાર્તાથી વંચિત લોકજૂથોના લાખો લોકો વસે છે, જેમને ઈસુ ખ્રિસ્તની સુવાર્તા સાંભળવાની તક બહુ ઓછી અથવા બિલકુલ મળી નથી.

હિમાલયની છાયામાં, નેપાળ અને તેનું પાટનગર કાઠમંડુ હિંદુ અને બૌદ્ધ પરંપરાઓથી ઊંડે સુધી ઘડાયેલાં છે. મંદિરો, દેવસ્થાનો, વિધિઓ અને તહેવારો રોજિંદા જીવનને આધ્યાત્મિક ભક્તિથી ભરી દે છે. નદી હરિદ્વાર, પ્રયાગરાજ, વારાણસી, પટના અને કોલકાતામાંથી આગળ વહે છે ત્યારે તે એવા સમાજો પાસેથી પસાર થાય છે, જ્યાં પેઢીઓથી લોકો પવિત્ર નદી સાથે જોડાયેલી ધાર્મિક પરંપરાઓ દ્વારા શુદ્ધિ, આશીર્વાદ અને ઉદ્ધાર શોધતા આવ્યા છે. સમગ્ર દક્ષિણ એશિયામાં અને તેની બહાર પણ, દિવાળી સાથે જોડાયેલાં પ્રતીકો આજે પણ સંસ્કૃતિઓ અને પરંપરાઓમાં વણાયેલાં જોવા મળે છે.

બાલી જેવા દૂરના સ્થળોએ અને પાકિસ્તાનના કેટલાક ભાગોમાં પણ, પ્રાચીન આઠ ખૂણાવાળા તારાનું પ્રતીક સમૃદ્ધિ, આશીર્વાદ અને આધ્યાત્મિક પ્રકાશ સાથે જોડાયેલું રહ્યું છે. દિવાળી દરમિયાન ઘણા હિંદુઓ ધન અને સૌભાગ્યની દેવી લક્ષ્મીની પૂજા કરે છે અને માને છે કે તે આવનારા વર્ષ માટે આશીર્વાદ અને કૃપા લાવે છે. ઘરો સાફ કરીને દીવાઓથી શણગારવામાં આવે છે, અને લક્ષ્મી અંદર આવીને ઘરને આશીર્વાદ આપે એ માટે આખી રાત જાણીજોઈને બારણાં ખુલ્લાં રાખવામાં આવે છે. હિંદુ વેપારીઓનું નવું વર્ષ ઘણી વાર દિવાળી પછી તરત શરૂ થતું હોવાથી, આ સમય ઊંડું આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવે છે — સમૃદ્ધિ, શાંતિ અને નવી શરૂઆતની આશાથી ભરેલો.

તેમ છતાં, દિવાળીમાં પ્રગટાવાતા દરેક દીવા પાછળ શાંતિ, આશા અને સાચા પ્રકાશ માટેની ઊંડી ઝંખના છુપાયેલી છે. ઈશ્વરનું હૃદય ઇચ્છે છે કે દરેક લોકજૂથ અને દરેક પ્રજા તેમને ઓળખે. યશાયા 49:6 જાહેર કરે છે: "...હું તને વિદેશીઓ માટે પ્રકાશરૂપ બનાવીશ, જેથી પૃથ્વીના છેડા સુધી તું ઉદ્ધાર પહોંચાડનાર થશે." હિમાલયથી પૃથ્વીના છેડા સુધી ગંગાની યાત્રાને અનુસરતાં, ચાલો આપણે પ્રાર્થના કરીએ કે ઘણા લોકો જગતના સાચા પ્રકાશ ઈસુ ખ્રિસ્તને મળે અને ફક્ત તેમનામાં જ મળતી આશા તથા ઉદ્ધારનો અનુભવ કરે.



ગંગા નદીના કિનારે એક પ્રાર્થના યાત્રા

હિંદુ લોકો માટે
7 દિવસની પ્રાર્થના

પ્રાર્થના માર્ગદર્શિકા 2026

હિંદુ ધર્મની સમજ		04
આપણે વિશ્વનાં 110 શહેરો પર શા માટે લક્ષ કેન્દ્રિત કરીએ છીએ		05
ગંગા નદીનો તટપ્રદેશ		07
દિવસ 1: હિમાલય	– કૈલાસ પર્વત, કાઠમંડુ	08
દિવસ 2: ઉપલી ગંગા	– હરિદ્વાર અને ઋષિકેશ, ઉત્તરાખંડ	09
દિવસ 3: મધ્ય ઉત્તર પ્રદેશ	– અયોધ્યા અને પ્રયાગરાજ	10
દિવસ 4: પૂર્વ ઉત્તર પ્રદેશ	– વારાણસી, હિંદુ ધર્મનું હૃદય	11
દિવસ 5: નીચલી ગંગા	– પટના અને કોલકાતા	12
દિવસ 6: ડાયસ્પોરા/BAPS/યોગ/ગુજરાતીઓ/દિવાળી		13
દિવસ 7: હિંદુ લોકો માટે વૈશ્વિક પ્રાર્થના દિવસ		14
2027 – 5 વૈશ્વિક પ્રાર્થના દિવસો		15
ઈશ્વરના વચનથી પ્રાર્થના કરો – YouVersion ઍપ		16

હિંદુ ધર્મની સમજ

આપણી પ્રાર્થના યાત્રા શરૂ કરતાં પહેલાં, જેઓ માટે આપણે પ્રાર્થના કરીએ છીએ તે લોકોને સમજવા માટે થોડું થોભવું મહત્ત્વનું છે. વિશ્વભરમાં 120 કરોડથી વધુ હિંદુઓ છે — એટલે કે વિશ્વની વસ્તીના લગભગ 15 ટકા; હિંદુ ધર્મ પૃથ્વી પરના સૌથી પ્રાચીન અને સૌથી વધુ ફેલાયેલા ધર્મોમાંનો એક છે. તેમાંના મોટા ભાગના, એટલે કે 94 ટકાથી વધુ, ભારત અને નેપાળમાં વસે છે, જોકે શ્રીલંકા, બાંગ્લાદેશ, બાલી (ઇન્ડોનેશિયા), મોરિશિયસ, ત્રિનિદાદ, ફિજી, યુનાઇટેડ કિંગડમ અને ઉત્તર અમેરિકામાં પણ જીવંત હિંદુ સમાજો જોવા મળે છે. પરંતુ વિધિઓ, પ્રતીકો અને તહેવારોની પાછળ સાચા માણસો છે — માતાઓ, પિતાઓ, વિદ્યાર્થીઓ, ખેડૂતો, પડોશીઓ — દરેકને ઈશ્વરની પ્રતિમા પ્રમાણે અનોખી રીતે સર્જવામાં આવ્યા છે અને ઈશ્વર તેઓને ઊંડો પ્રેમ કરે છે.

હિંદુ ધર્મનો ઉદ્ભવ ક્યાંથી થયો?

હિંદુ ધર્મની શરૂઆત કોઈ એક સ્થાપક કે કોઈ એક પવિત્ર ઘટનાથી થઈ નથી. તેના બદલે, પ્રાચીન લખાણો, મૌખિક પરંપરાઓ અને તત્ત્વજ્ઞાન તથા પુરાણકથાઓના સ્તરો દ્વારા ઘડાઈને તે હજારો વર્ષો દરમિયાન ધીમે ધીમે વિકસ્યો. ઘણા વિદ્વાનો તેનાં મૂળ સિંધુ ખીણની સંસ્કૃતિ અને આશરે ઈ.સ. પૂર્વે 1500માં ઇન્ડો-આર્ય લોકોના આગમન સાથે જોડે છે. હિંદુ ધર્મના સૌથી પ્રાચીન શાસ્ત્રોમાંના વેદો આ સમય દરમિયાન રચાયા હતા અને આજે પણ હિંદુ માન્યતાના કેન્દ્રમાં છે.

હિંદુ હોવાનો અર્થ શો છે?

હિંદુ હોવું એટલે હંમેશાં કોઈ ચોક્કસ સિદ્ધાંતમાં વિશ્વાસ કરવો એવું નથી; ઘણી વાર તેનો અર્થ એક સંસ્કૃતિમાં, ઉપાસનાની એક લયમાં અને જીવનની એક સહિયારી રીતમાં જન્મ લેવો થાય છે.

ઘણા લોકો માટે હિંદુ ધર્મ તહેવારો, કૌટુંબિક વિધિઓ, તીર્થયાત્રાઓ અને કથાઓ દ્વારા પેઢી દર પેઢી આગળ વધે છે. કેટલાક હિંદુઓ અત્યંત ભક્તિભાવવાળા હોય છે, જ્યારે બીજાઓ આધ્યાત્મિક શ્રદ્ધા કરતાં સાંસ્કૃતિક ઓળખને કારણે વધુ ભાગ લે છે. હિંદુઓ એક દેવની કે અનેક દેવોની ઉપાસના કરી શકે છે, અથવા સમગ્ર અસ્તિત્વને દૈવી માની શકે છે. હિંદુ ધર્મમાં અસંખ્ય સંપ્રદાયો અને આચરણો છે, છતાં તેના કેન્દ્રમાં કર્મ (કારણ અને પરિણામ), ધર્મ (ન્યાયી કર્તવ્ય), સંસાર (પુનર્જન્મનું ચક્ર) અને મોક્ષ (એ ચક્રમાંથી મુક્તિ) વિશેની માન્યતાઓ છે.



આપણે વિશ્વનાં 110 શહેરો પર શા માટે લક્ષ કેન્દ્રિત કરીએ છીએ

આ માર્ગદર્શિકામાં ઠેર ઠેર કેટલાંક મુખ્ય શહેરોનો ઉલ્લેખ છે; તે એશિયાનાં હિંદુ બહુમતી ધરાવતાં 19 શહેરોમાંનાં કેટલાંક છે. આ લિંક પર ક્લિક કરવાથી તમે આ વેબસાઇટ પર તે શહેરોની પ્રોફાઇલ જોઈ શકશો: https://110cities.com/.

110 શહેરો પરનું વ્યૂહાત્મક ધ્યાન વિશ્વભરમાં શહેરીકરણ તરફના મોટા પરિવર્તનને અને શહેરો પ્રત્યેના ઈશ્વરના હૃદયને ઓળખવામાંથી જન્મ્યું છે. બાઇબલ વારંવાર શહેરો વિશે, અને યરુશાલેમ માટે ઈસુ રડ્યા તે વિશે વાત કરે છે. આજે વિશ્વની અડધાથી વધુ વસ્તી શહેરી વિસ્તારોમાં રહે છે; 2050 સુધીમાં આ આંકડો બે તૃતીયાંશ સુધી પહોંચવાનો અંદાજ છે, અને દર અઠવાડિયે આશરે 30 લાખ લોકો સ્થળાંતર કરીને શહેરોમાં આવે છે. આ પ્રાર્થના અને મિશન પહેલના કેન્દ્રમાં ગીતશાસ્ત્ર 110:1-3 છે, જે ઈશ્વરના લોકોને "સ્વેચ્છાએ આગળ આવવા" અને પ્રજાઓનો ઉદ્ધાર કરવા ઈશ્વરને વિનંતી કરવામાં જોડાવા "કૂચનો આદેશ" આપે છે. પ્રાર્થના દ્વારા ઈસુ સાથે શ્રમ કરવાનું આ આમંત્રણ તેમની યોગ્યતામાં મૂળ ધરાવે છે.



આપણે વિશ્વનાં 110 શહેરો પર શા માટે લક્ષ કેન્દ્રિત કરીએ છીએ



110 શહેરોની પસંદગી અત્યંત વ્યૂહાત્મક છે અને તે અનેક બાબતો પર આધારિત છે:

- આ શહેરોને વિશ્વનાં સૌથી ઓછી સુવાર્તા પહોંચેલાં મહાનગરો તરીકે ઓળખવામાં આવ્યાં છે; વિશ્વમાં હજુ બાકી રહેલા સુવાર્તાથી વંચિત લોકજૂથોમાંથી 97% લોકોની ભાષાઓ આ શહેરોમાં બોલાય છે.
- સ્થાનિક વસ્તી સુધી પહોંચવા અને ચળવળોને ફેલાવવા માટેના આધારબિંદુ તરીકે વ્યૂહાત્મક હોય તેવાં સ્થળોને પ્રાધાન્ય આપીને, મંડળી સ્થાપન ચળવળોના આગેવાનો સાથે પરામર્શ કરીને આ શહેરો પસંદ કરવામાં આવ્યાં છે.
- તાલીમ, સંસાધનો અને સેવકોને મોકલવા માટે વિશ્વની સૌથી મોટી મંડળી સ્થાપન ચળવળો આ શહેરોને લક્ષ્ય બનાવે છે.
- આ શહેરોમાંનાં લોકજૂથોની પસંદગી ભાષાકીય ડેટાબેઝ અને World Christian Database ની એવાં 257 લોકજૂથોની યાદી પર આધારિત છે, જેમાં સુવાર્તા ન સાંભળેલા લોકોની સંખ્યા સૌથી વધુ છે; આ લોકજૂથો મળીને વિશ્વના સુવાર્તા ન સાંભળેલા કુલ લોકોમાંથી 80% થી વધુને આવરી લે છે.

ઉદ્દેશ સમગ્ર શહેરમાં સુવાર્તા અને ઈશ્વરના રાજ્યની ચળવળને પ્રોત્સાહન આપવાનો છે — એક સ્વાભાવિક ઘટના, જેમાં પવિત્ર આત્મા આખા શહેરમાં કાર્ય કરે છે, જેથી ખ્રિસ્તનું શરીર વસ્તી કરતાં વધુ ઝડપથી વધે અને આખા શહેર પર ખ્રિસ્ત માટે પ્રભાવ પાડે.

આ વૈશ્વિક શહેરોમાં રહેતા લોકો વચ્ચે પ્રાર્થના અને શિષ્ય બનાવવાના કાર્યમાં લાખો લોકો સાથે જોડાવા બદલ આપનો આભાર.

THE GANGES BASIN

FROM GAUMUKH TO THE BAY OF BENGAL

A SACRED RIVER • A SHARED HERITAGE • A LIFELINE FOR MILLIONS



SOURCE
GAUMUKH
Gaumukh Glacier
Uttarakhand, India
Altitude: 4,023 m

> Ganga is not just a river,
> it is a lifeline, a culture,
> a faith and a civilizations.

MAJOR TRIBUTARIES

1. Yamuna
2. Alaknanda
3. Bhagirathi
4. Mandakini
5. Dhauliganga
6. Pindar
7. Nandakini
8. Ramganga
9. Gomti
10. Ghaghara (Karnali)
11. Gandak
12. Kosi
13. Son
14. Punpun
15. Damodar

MAJOR CITIES ON THE GANGA

1. Gangotri
2. Uttarkashi
3. Rishikesh
4. Haridwar
5. Bijnor
6. Kannauj
7. Kanpur
8. Fatehpur
9. Prayagraj
10. Varanasi
11. Bhagalpur
13. Murshidabad
14. Kolkata

BASIN STATES / REGIONS (INDIA)

- Uttarakhand
- Uttar Pradesh
- Bihar
- Jharkhand
- West Bengal

AMAZING FACTS

- The Ganga basin is home to over 40% of India's population.
- The basin supports agriculture, industry, biodiversity and culture.
- The Ganga river system is vital for food security, economy and spiritual life.

GANGES BASIN OVERVIEW

- Length: ~2,525 km (Gaumukh to Bay of Bengal)
- Basin Area: ~10,86,000 sq km
- Countries Covered: India, Nepal, Bhutan, Bangladesh
- Supports over 40% of India's population
- One of the world's Most Culturally & Spiritually Significant River Basins



LEGEND

- Main Stem (Ganga)
- Major Tributaries
- River
- International Boundary
- State / Country Boundary
- Major City / Town
- Important Temple / Ghat

THE JOURNEY OF GANGA



DID YOU KNOW?

The Ganges basin spreads across India, Nepal, Bhutan and Bangladesh and drains into the Bay of Bengal, forming the world's largest delta.

દિવસ 1

2 નવેમ્બર

પર્વતો કરતાં પણ ઊંચે આંખો ઊંચી કરીએ

"હું પર્વતો તરફ મારી આંખો ઊંચી કરીશ. મને ક્યાંથી સહાય મળે? જે યહોવાહે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં છે, તેમની તરફથી મને સહાય મળે છે."

ગીતશાસ્ત્ર 121:1-2

વિશેષ ધ્યાન:

હિમાલય –
કૈલાસ પર્વત, કાઠમંડુ

આપણે કૈલાસ પર્વત અને નેપાળ સહિત હિમાલય પ્રદેશ પર ધ્યાન કેન્દ્રિત કરીને પ્રાર્થના યાત્રાની શરૂઆત કરીએ છીએ. આ પ્રદેશમાં અન્ય ધર્મપરંપરાઓના લોકો પણ વસે છે, છતાં આપણે આજે અહીં વસતા હિંદુઓ માટે પ્રાર્થના કરીશું. પૂર્વથી પશ્ચિમ સુધી આશરે 2,400 કિલોમીટરમાં ફેલાયેલી હિમાલય પર્વતમાળા નેપાળ, ભારત, ભૂતાન, ચીન અને પાકિસ્તાન સુધી વિસ્તરેલી છે. ધાર્મિક રીતે અત્યંત મહત્ત્વના આ પ્રદેશમાં અનેક પવિત્ર સ્થળો છે. લાખો યાત્રાળુઓ બદ્રીનાથ અને કેદારનાથ જેવાં હિમાલયનાં તીર્થધામોની મુલાકાત લે છે, પરંતુ ત્યાં કાયમ વસતા લોકો માટે હિમાલય કઠિન છતાં મજબૂત સામૂહિક જીવનશૈલી આપે છે. આજીવિકા ખેતી અને પશુપાલન પર આધારિત છે; હિમનદીઓ પીગળતાં બદલાતા હવામાન અને ઋતુચક્રને કારણે આ એક પડકાર બની ગયું છે.

સંસ્કૃતિ, શ્રદ્ધા અને પરંપરા આ ભૂપ્રદેશ સાથે ઊંડે સુધી જોડાયેલાં છે. હિમાલયનાં ઘણાં શિખરોને દેવોનું નિવાસસ્થાન માનવામાં આવે છે. ઘણા હિંદુઓ માટે મુખ્ય દેવ એવા શિવ પોતાની પત્ની પાર્વતી સાથે કૈલાસ પર્વત નામના પ્રસિદ્ધ શિખર પર વસે છે એવી માન્યતા છે. આશીર્વાદ મેળવવાની આશાએ યાત્રાળુઓ ત્યાં પવિત્ર વિધિઓ કરવા અને નજીકના માનસરોવરમાં સ્નાન કરવા જાય છે.

મુખ્યત્વે હિમાલયમાં આવેલા નેપાળમાં 2.35 કરોડ હિંદુઓ વસે છે. સત્તાવાર રીતે બિનસાંપ્રદાયિક દેશ હોવા છતાં, નેપાળ ખ્રિસ્તી આચરણ પ્રત્યે વધુ ને વધુ અસહિષ્ણુ બની રહ્યું છે; સતાવણી અને ધર્માંતરણવિરોધી કાયદા વધી રહ્યા છે.

પ્રાર્થનાના મુદ્દા

- પ્રાર્થના કરો કે હિમાલય પ્રદેશમાં વસતા લોકો કૈલાસ પર્વત અને અન્ય પવિત્ર સ્થળો કરતાં પણ ઊંચે, તેમને ઉત્પન્ન કરનાર, તેમના પર પ્રેમ રાખનાર અને તેઓ અનંતજીવન પામે તે માટે તેમને સારુ જીવ્યા અને મરણ પામ્યા એવા ઈશ્વર તરફ પોતાની આંખો ઊંચી કરે.

  "છેલ્લાં દિવસોમાં, યહોવાહના ઘરનો પર્વત બીજા પર્વતો કરતાં ઊંચો સ્થાપન થશે અને તેને શિખરો કરતાં ઊંચો કરવામાં આવશે; અને સર્વ પ્રજાઓ તેમાં પ્રવેશ કરશે." યશાયા *2:2*

- પ્રાર્થના કરો કે શિવ કે અન્ય દેવોના આશીર્વાદ શોધતા યાત્રાળુઓ માર્ગમાં ઈસુને મળે અને તેમને અનુસરવા પોતાનું જીવન સમર્પિત કરે.

  "જે માણસનું સામર્થ્ય તમારામાં છે, જેઓનાં હૃદય સિયોનના માર્ગો ધ્યાનમાં રાખે છે, તેઓ આશીર્વાદિત છે. રુદનના નીચાણને ઓળંગતા તેઓ તેને ઝરાની જગ્યા બનાવે છે. પ્રથમ વરસાદ તેને આશીર્વાદથી ભરપૂર કરશે." ગીતશાસ્ત્ર *84:5-6*

- વધતા ધર્માંતરણવિરોધી કાયદાઓને કારણે ઈસુમાં વિશ્વાસ કરતાં અચકાતા નેપાળના લોકો માટે, અને ત્યાં વધુ ને વધુ સતાવણી સહન કરી રહેલા વિશ્વાસીઓ માટે પ્રાર્થના કરો.

  "પણ અમારો આ ખજાનો માટીનાં પાત્રોમાં છે, એ સારુ કે પરાક્રમની ઉત્તમતા ઈશ્વરથી થાય અને અમારાથી નહિ. સર્વ પ્રકારે અમે વિપત્તિ પામેલા હોવા છતાં દબાયેલા નથી; હેરાન થયા છતાં નિરાશ થયેલા નથી; સતાવાયેલા છીએ પણ ત્યજાયેલા નથી; નીચે પટકાયેલા છીએ પણ નાશ પામેલા નથી;" *2* કરિંથીઓ *4:7-9*



દિવસ 2

3 નવેમ્બર

ઈસુ કોણ છે તે ભાગ્યે જ જાણતા લોકો વચ્ચે ઈસુનો અનુભવ અને સાજાપણું

"...તેણે મને તૂટેલા હૃદયવાળાને સાજા કરવા માટે, બંદીવાનોના છુટકારાને તથા જે લોકો બંધનમાં છે તેઓને કેદમાંથી છોડાવવાને માટે મને મોકલ્યો છે."

યશાયા 61:1

વિશેષ ધ્યાન:

ઉપલી ગંગા –
હરિદ્વાર અને ઋષિકેશ, ઉત્તરાખંડ

હિમાલયની તળેટીમાં વસેલાં હરિદ્વાર અને ઋષિકેશ હિંદુ જગતનાં સૌથી પવિત્ર શહેરોમાંનાં છે. અહીં ગંગા નદી પર્વતોમાંથી બહાર આવીને ભારતભરમાં પોતાની લાંબી યાત્રા શરૂ કરે છે. નદી પાપોને ધોઈ નાખે છે અને આધ્યાત્મિક મુક્તિ આપે છે એવું માનીને દર વર્ષે લાખો યાત્રાળુઓ પવિત્ર જળમાં સ્નાન કરવા આ શહેરોની મુલાકાત લે છે. હરિદ્વાર ગંગા આરતી માટે જાણીતું છે, જ્યારે ઋષિકેશ યોગ, ધ્યાન અને આધ્યાત્મિક શોધનું આંતરરાષ્ટ્રીય કેન્દ્ર બની ગયું છે. આ પ્રદેશ વધતા હિંદુ રાષ્ટ્રવાદથી પણ ઊંડે સુધી પ્રભાવિત છે. ઉત્તરાખંડે ધર્માંતરણવિરોધી કાયદા અમલમાં મૂક્યા છે, જે ખ્રિસ્તી પ્રવૃત્તિઓ પર કડક નજર રાખે છે. ઘણાં ગામોમાં હિંદુ પૃષ્ઠભૂમિમાંથી આવેલા વિશ્વાસીઓ કુટુંબના તિરસ્કાર, સામાજિક બહિષ્કાર, ધમકીઓ અથવા હિંદુ ધર્મમાં પાછા ફરવાના દબાણનો સામનો કરે છે.

આ પ્રદેશનાં લોકજૂથોમાં **ગઢવાલી,** સુવાર્તા સુધી મર્યાદિત પહોંચ ધરાવતા લોકો પણ છે. ઉત્તરાખંડમાં વિશ્વાસીઓ અને સેવાકાર્યો વિશ્વાસુપણે સેવા કરી રહ્યાં છે, છતાં ઘણા દૂરના પર્વતીય સમાજો આધ્યાત્મિક રીતે હજુ પણ સુવાર્તાથી વંચિત છે.

રીના નામની એક ગઢવાલી સ્ત્રી એક સમયે પથારીવશ હતી, પરંતુ પ્રભુએ તેને ચમત્કારિક રીતે સાજી કરી. તેણે અને તેના પતિએ ઈસુને અનુસરવાનો નિર્ણય કર્યો, પરંતુ તેના વિશ્વાસને કારણે તેનાં માતાપિતાએ તેનો ત્યાગ કર્યો. વર્ષો સુધી વિશ્વાસુપણે પ્રાર્થના કર્યા પછી, હવે તેના કુટુંબમાંથી અડધાથી વધુ લોકોએ ઈસુનો સ્વીકાર કર્યો છે અને સાથે મળીને પ્રભુની સેવા કરે છે.

પ્રાર્થનાના મુદ્દા

- પ્રાર્થના કરો કે ઉત્તરાખંડના ગઢવાલી અને અન્ય સુવાર્તાથી વંચિત સમાજો ઈસુ ખ્રિસ્તનો વ્યક્તિગત અનુભવ કરે.


  "હે સર્વ તૃષિત જનો, તમે પાણીની પાસે આવો! અને જેની પાસે કંઈ પણ નાણું નથી તે, તમે સર્વ આવો, ખરીદો અને ખાઓ! આવો, નાણાં વિના અને વિના મૂલ્યે દ્રાક્ષારસ અને દૂધ લઈ જાઓ." યશાયા *55:1*

- સતાવણી અને વિરોધનો સામનો કરી રહેલા પાળકો, સુવાર્તિકો અને વિશ્વાસીઓના રક્ષણ, હિંમત અને જ્ઞાન માટે પ્રાર્થના કરો.

  "બળવાન તથા હિંમતવાન થાઓ, બીહો નહિ, તેઓથી ભયભીત ન થાઓ, કેમ કે, જે તમારી સાથે જાય છે તે તો યહોવાહ તમારા ઈશ્વર છે. તે તમને છોડી દેશે નહિ કે તમને તજી દેશે નહિ." પુનર્નિયમ *31:6*

- પ્રાર્થના કરો કે દિવાળી દરમિયાન હરિદ્વાર અને ઋષિકેશમાં ઘણા આધ્યાત્મિક શોધકો જગતના સાચા પ્રકાશને શોધી કાઢે.

  "ફરીથી ઈસુએ તેઓને કહ્યું, 'હું માનવજગતનું અજવાળું છું; જે કોઈ મારી પાછળ આવે છે તે અંધકારમાં નહિ ચાલશે, પણ જીવનનું અજવાળું પામશે.'" યોહાન *8:12*



દિવસ 3

4 નવેમ્બર

ઈશ્વરને માટે કંઈ જ અશક્ય નથી

"...કેમ કે હું તમને નિશ્ચે કહું છું કે, જો તમને રાઈના દાણા જેટલો વિશ્વાસ હોય તો તમે આ પહાડને કહેશો કે, 'તું અહીંથી ત્યાં ખસી જા' અને તે ખસી જશે; અને તમારા માટે કંઈ અશક્ય નહિ હોય."

માથ્થી 17:20

વિશેષ ધ્યાન:

મધ્ય ઉત્તર પ્રદેશ –
અયોધ્યા અને અલાહાબાદ/પ્રયાગરાજ

અયોધ્યા અને પ્રયાગરાજ (અલાહાબાદ) ગંગાના મેદાનમાં પવિત્ર નદી યાત્રામાર્ગ પર હિંદુઓ માટેનાં સૌથી પવિત્ર શહેરોમાંનાં બે છે. આ પવિત્ર માર્ગ પર યાત્રા કરતા યાત્રાળુઓ પોતાની યાત્રામાં બંને શહેરોનો સમાવેશ કરે છે — સરયૂ નદીના કિનારે અયોધ્યા અને ગંગા-યમુનાના મહાસંગમ પર પ્રયાગરાજ.

રામના પૌરાણિક જન્મસ્થળ તરીકે જાણીતું અયોધ્યા આધુનિક ભારતના સૌથી વિસ્ફોટક ધાર્મિક-રાજકીય સંઘર્ષોમાંના એકનું કેન્દ્ર રહ્યું છે. જ્યાં એક સમયે રામનું જન્મમંદિર હતું એવો દાવો કરવામાં આવે છે, તે વિવાદિત સ્થળ પર આવેલી બાબરી મસ્જિદને 1992માં હિંદુ રાષ્ટ્રવાદીઓએ તોડી પાડી, અને ત્યાર પછી ફાટી નીકળેલાં રમખાણોમાં 2,000 થી વધુ લોકો માર્યા ગયા. 2019માં સર્વોચ્ચ અદાલતના ચુકાદાથી આ સ્થળ હિંદુઓને સોંપાયું, અને 2024માં એક ભવ્ય રામમંદિરનું ઉદ્ઘાટન થયું — જે દર્શાવે છે કે આ પવિત્ર સ્થળો હિંદુ ઓળખ સાથે કેટલાં ઊંડાં જોડાયેલાં છે.

પ્રયાગરાજ વિશ્વના સૌથી મોટા માનવ મેળાવડા, કુંભમેળાનું યજમાન છે, જેમાં 40 થી 50 કરોડ યાત્રાળુઓ આવે છે — તેમાંના ઘણા દુનિયાભરમાંથી આવે છે — અને તેમાંના મોટા ભાગનાએ ક્યારેય સુવાર્તા સાંભળી નથી.

સુવાર્તાથી વંચિત લોકોમાં, **બનિયા** (વાણિયા) સમાજ — આ સમગ્ર પ્રદેશમાં એક અગ્રણી વેપારી જ્ઞાતિ — પેઢીઓથી ભક્તિમય હિંદુ આચરણ અને સામાજિક અલગતામાં જડાયેલો હોવાથી ખ્રિસ્તના સંદેશથી મોટે ભાગે અસ્પૃષ્ટ રહ્યો છે.

પ્રાર્થનાના મુદ્દા

- પ્રાર્થના કરો કે અયોધ્યા અને પ્રયાગરાજના લોકો સુધી સુવાર્તા સ્પષ્ટતા અને સામર્થ્ય સાથે પહોંચે, પવિત્ર આત્મા તેને સ્વીકારવા માટે હૃદયોને કોમળ બનાવે, અને લાંબા સમયથી તણાવમાં જીવતા હિંદુ અને મુસ્લિમ પડોશીઓ વચ્ચેના સંબંધોને તેમની સાજાપણું આપનારી હાજરી પુનઃસ્થાપિત કરે.


  "પછી યહોવાહનું વચન યર્મિયાની પાસે આ પ્રમાણે આવ્યું કે, જો, હું યહોવાહ, સર્વ મનુષ્યનો ઈશ્વર છું. શું મારા માટે કંઈ અશક્ય છે ખરું?" યર્મિયા *32:26-27*

- શુદ્ધિ અને નવીનતાની શોધમાં કુંભમેળામાં જતા સર્વ લોકો માટે પ્રાર્થના કરો કે તેઓ ઈસુના અનુયાયીઓને મળે, જેઓ તેમને કહી શકે કે ઈસુ જ જીવતું પાણી છે — જે આપણને ખરેખર શુદ્ધ કરે છે અને આત્માથી તથા સત્યતાથી ઈશ્વરની ભક્તિ કરવા આપણને મુક્ત કરે છે.

  "હવે પર્વના છેલ્લાં તથા મહાન દિવસે ઈસુએ ઊભા રહીને ઊંચા અવાજે કહ્યું કે, 'જો કોઈ તરસ્યો હોય, તો તે મારી પાસે આવીને પીએ. શાસ્ત્રવચન પ્રમાણે જે કોઈ મારા પર વિશ્વાસ કરે છે, તેના હૃદયમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે.'" યોહાન *7:37-38*

- પ્રાર્થના કરો કે બનિયા લોકો ઈશ્વરના મહાન પ્રેમને ઓળખે — જે પ્રેમ ઈસુના જીવન, મરણ અને પુનરુત્થાન દ્વારા સર્વને ઉપલબ્ધ થયો છે — અને ઘણા લોકો તેમના પ્રેમને આધીન થઈને પૂરા હૃદયથી તેમને અનુસરે.

  "હે યહોવાહ, તમારાં આકાશોને નીચે નમાવીને ઊતરી આવો; પર્વતોને સ્પર્શ કરો, એટલે તેઓ ધુમાડો કાઢશે. વીજળી ચમકાવો અને મારા શત્રુઓને વિખેરી નાખો; તમારાં બાણ છોડીને તેઓને હરાવી દો. ઉપરથી તમારા હાથ લંબાવો; ઘણા પાણીમાંથી મારો છુટકારો કરો વિદેશીઓના હાથમાંથી મને બચાવો." ગીતશાસ્ત્ર *144:5-7*



દિવસ 4

5 નવેમ્બર

હિંદુ ધર્મનું આધ્યાત્મિક હૃદય

"હરણ જેમ પાણીના ઝરણાં માટે તલપે છે, તેમ હે ઈશ્વર, તમારે માટે મારો આત્મા તલપે છે. ઈશ્વર, હા, જીવતા ઈશ્વરને માટે, મારો આત્મા તરસે છે; હું ક્યારે ઈશ્વરની આગળ હાજર થઈશ?"

ગીતશાસ્ત્ર 42:1-2

વિશેષ ધ્યાન:

પૂર્વ ઉત્તર પ્રદેશ –
વારાણસી

ગંગા નદીના કિનારે આવેલું **વારાણસી** (ઉત્તર પ્રદેશ રાજ્યમાં, કાશી કે બનારસ તરીકે પણ ઓળખાતું) વિશ્વનાં સૌથી પ્રાચીન સતત વસવાટ ધરાવતાં શહેરોમાંનું એક અને હિંદુ ધર્મનું આધ્યાત્મિક હૃદય છે. પવિત્ર ગંગામાં સ્નાન કરવા, ધાર્મિક વિધિઓ કરવા અને પુનર્જન્મના ચક્રમાંથી મુક્તિ મેળવવા દર વર્ષે લાખો યાત્રાળુઓ અહીં આવે છે. શહેરના ઘાટો, મંદિરો અને સ્મશાનઘાટો ઊંડી આધ્યાત્મિક ભૂખને પ્રતિબિંબિત કરે છે.

ભારતમાં સુવાર્તાથી વંચિત લોકજૂથોની સૌથી વધુ સાંદ્રતા ધરાવતા પ્રદેશોમાં પૂર્વ ઉત્તર પ્રદેશ એક છે. તેમાં ભોજપુરી, મલ્લાહ (નાવિકો), ડોમ, જુલાહા (વણકરો) લોકો તથા અનેક દલિત સમાજોનો સમાવેશ થાય છે. તેમાંના ઘણાને પોતાની ભાષા અને સંસ્કૃતિમાં સુવાર્તા સુધી બહુ ઓછી પહોંચ છે અથવા બિલકુલ નથી.

મુખ્ય ધાર્મિક અને સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વારાણસી સમગ્ર ઉત્તર ભારતમાં કરોડો લોકોને પ્રભાવિત કરે છે. **દિવાળી દરમિયાન હજારો દીવા નદીકિનારાને ઝળહળાવે છે, અને કુટુંબો સમૃદ્ધિ, આશીર્વાદ અને નવી શરૂઆત માટે પ્રાર્થના કરે છે. તેથી આધ્યાત્મિક પ્રકાશ શોધનારાઓ જગતના સાચા પ્રકાશ ઈસુ ખ્રિસ્તને મળે તે માટે પ્રાર્થના કરવાનો આ વ્યૂહાત્મક સમય છે.**

મંડળી વધી રહી છે, છતાં ઉત્તર પ્રદેશના ધર્માંતરણવિરોધી કાયદાઓ હેઠળ વિશ્વાસીઓને વારંવાર સામાજિક તિરસ્કાર, હેરાનગતિ અને વધતા દબાણનો સામનો કરવો પડે છે.

પ્રાર્થનાના મુદ્દા

- પ્રાર્થના કરો કે પૂર્વ ઉત્તર પ્રદેશનાં અનેક સુવાર્તાથી વંચિત લોકજૂથો સુવાર્તા સાંભળે અને તેનો પ્રતિસાદ આપે.

  "પણ જ્યારે તે પ્રભુની તરફ ફરશે, ત્યારે તે પડદો ખસેડી નાખવામાં આવશે. હવે પ્રભુ તે આત્મા છે; અને જ્યાં પ્રભુનો આત્મા છે ત્યાં સ્વતંત્રતા છે." 2 કરિંથીઓ 3:16-17

- વારાણસીમાં સેવા કરતા પાળકો, સુવાર્તિકો અને વિશ્વાસીઓની હિંમત, રક્ષણ અને જ્ઞાન માટે પ્રાર્થના કરો.

  "યહોવાહ મારા પાળક છે; તેથી મને કશી ખોટ પડશે નહિ. તે મને લીલાં ઘાસમાં સુવાડે છે તે મને શાંત પાણીની પાસે દોરી જાય છે. તે મારા આત્માને તાજગી આપે છે; પોતાના નામની ખાતર તે મને ન્યાયીપણાને માર્ગે ચલાવે છે. જો કે હું મૃત્યુની છાયાની ખીણમાં ચાલું, તોય હું કંઈપણ દુષ્ટતાથી બીશ નહિ, કેમ કે તમે મારી સાથે છો; તમારી લાકડી તથા તમારી છડી મને દિલાસો આપે છે." ગીતશાસ્ત્ર 23:1-4

- પ્રાર્થના કરો કે દિવાળી દરમિયાન આશા અને આશીર્વાદ શોધતા ઘણા લોકો ઈસુ ખ્રિસ્તની ઉદ્ધાર આપનારી કૃપાને શોધી કાઢે.

  "તમે મને શોધશો અને ખરા હૃદયથી મને શોધશો તો મને પામશો. યહોવાહ કહે છે, હું તમને મળીશ' અને તમારો બંદીવાસ ફેરવી નાખીશ. અને જે પ્રજાઓમાં અને જે સ્થળોમાં મેં તમને નસાડી મૂક્યા છે' 'ત્યાંથી હું તમને પાછા એકઠા કરીશ.' એમ યહોવાહ કહે છે." યર્મિયા 29:13-14



દિવસ 5

6 નવેમ્બર

ઈશ્વર જુએ છે, અનુભવે છે, સાંભળે છે અને સાથે છે

"પછી તેણે ઈશ્વર; જેઓ તેની સાથે વાત કરતા હતા તેમનું નામ "એલ-રોઈ" પાડ્યું, કેમ કે તેણે કહ્યું, "ઈશ્વરે મારા પર દ્રષ્ટિ કરી છે શું?"

ઉત્પત્તિ 16:13

વિશેષ ધ્યાન:

નીચલી ગંગા –
પટના અને કોલકાતા

ગંગાની ખીણમાં આપણી પ્રાર્થના યાત્રા આગળ વધારતાં, હવે આપણે આ મધ્યસ્થી યાત્રાના અંત તરફ પહોંચી રહ્યા છીએ. આજે આપણે **પટના** અને કોલકાતા, આ બે પ્રભાવશાળી શહેરો તરફ આપણાં હૃદય ફેરવીએ; તેમનો ઇતિહાસ અને વાસ્તવિકતા પૂર્વ ભારતના જીવનનાં જુદાં જુદાં પાસાં દર્શાવે છે.

બિહારનું પાટનગર પટના ભારતનાં સૌથી ગરીબ રાજ્યોમાંના એકમાં આવેલું છે. સરકારના આ કેન્દ્રની આસપાસનાં ઘણાં કુટુંબો આજે પણ ગરીબી, બેરોજગારી અને મર્યાદિત તકો સામે સંઘર્ષ કરે છે. ગ્રામીણ મુશ્કેલીઓ અને જીવનનિર્વાહ માટે શહેરો તરફનું સ્થળાંતર ઘણી વાર સ્થાનિક જીવનને ઘડે છે.

પશ્ચિમ બંગાળનું પાટનગર કોલકાતા તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા, બૌદ્ધિક જીવન અને કલાત્મક પ્રભાવ માટે જાણીતું છે, અને શિક્ષણ તથા રાજકીય વિચારના કેન્દ્ર તરીકે તેનો લાંબો ઇતિહાસ છે. તેમ છતાં, તેની ઐતિહાસિક સુંદરતા અને પ્રતિષ્ઠા પાછળ ઘણા રહેવાસીઓ ભીડ, મુશ્કેલીઓ અને ઊંડી સામાજિક જરૂરિયાતોનો સામનો કરે છે.

બંને શહેરોમાં માનવ તસ્કરી નબળા લોકોનો શિકાર કરતી રહે છે. ઘણા વંચિત સમાજો માટે જ્ઞાતિ આધારિત દમન આજે પણ એક પીડાદાયક વાસ્તવિકતા છે. ઘણા લોકો શિક્ષણ, રોજગાર, લગ્ન અને સામાજિક સ્વીકૃતિમાં અવરોધોનો સામનો કરે છે. જન્મના સંજોગોને કારણે પોતે ઓછા મૂલ્યવાન છે એવું સાંભળતાં પેઢીઓ મોટી થઈ છે, જેનાથી બહિષ્કાર, શરમ અને નિરાશાના એવા ઘા પડ્યા છે જે દાયકાઓ સુધી કુટુંબોને અસર કરે છે. પટના અને કોલકાતાની વિશાળ વસ્તી પાછળ ઈશ્વર જેમને પ્રેમ કરે છે એવા કરોડો લોકો છે — દરેક પોતાની આશાઓ, સંઘર્ષો અને ગૌરવ, ન્યાય તથા આશા માટેની ઝંખના લઈને જીવે છે.

પ્રાર્થનાના મુદ્દા

- પ્રાર્થના કરો કે પટના અને કોલકાતામાં સત્તા અને સંસાધનો ધરાવનારાઓ ઓળખે કે તેઓને ઈસુમાં ક્ષમા અને નવા જીવનની જરૂર છે, અને પોતાનાં શહેરોમાં ન્યાયથી વર્તવા, દયા દર્શાવવા અને નમ્રતાથી ચાલવા માટે ઈસુ જે તક આપે છે તેને સમજે.

  "હે મનુષ્ય, તેણે તને જણાવ્યું છે, કે સારું શું છે; ન્યાયથી વર્તવું, દયાભાવ રાખવો, તથા તારા ઈશ્વર સાથે નમ્રતાથી ચાલવું, યહોવાહ તારી પાસે બીજું શું માગે છે." મીખાહ *6:8*

- પ્રાર્થના કરો કે તસ્કરીનો ભોગ બનેલા, જ્ઞાતિને કારણે હાંસિયામાં ધકેલાયેલા, શારીરિક રીતે નબળા અને ગરીબ લોકો સુવાર્તા સાંભળે અને ઈસુમાં રાહત તથા નવું જીવન પામે, જ્યાં તેઓ તેમનું સામર્થ્ય મેળવી શકે અને પોતાના મૂલ્યની ખાતરી પામે.

  "એ માટે તેમને બધી બાબતોમાં પોતાના ભાઈઓના જેવા થવું જોઈતું હતું, કે લોકોનાં પાપો માટે પ્રાયશ્ચિત કરવાને ઈશ્વરને લગતી બાબતો સંબંધી તેઓ દયાળુ તથા વિશ્વાસુ પ્રમુખ યાજક થાય. કેમ કે તેમનું પરીક્ષણ થવાથી તેમણે એટલા માટે દુઃખ સહન કર્યું કે જેઓનું પરીક્ષણ થાય છે, તેઓને સહાય કરવાને તે સર્વશક્તિમાન છે." હિબ્રૂઓ *2:17-18*

- આ શહેરોમાં આસપાસના લોકો સુધી પ્રેમથી પહોંચી રહેલા ઈસુના અનુયાયીઓ માટે પ્રાર્થના કરો; તેમના રક્ષણ, જ્ઞાન, માર્ગદર્શન અને પ્રોત્સાહન માટે, તેમ જ પુષ્કળ ફસલ માટે પ્રાર્થના કરો.

  "સારી જમીન પર જે બીજ વાવેલું તે એ છે કે, તે વચન સાંભળે છે, સમજે છે, અને તેને નિશ્ચે ફળ લાગે છે, એટલે કોઈને સોગણાં, તો કોઈને સાંઠગણાં, અને કોઈને ત્રીસગણાં લાગે છે." માથ્થી *13:23*



દિવસ 6

7 નવેમ્બર

બુદ્ધિ ક્યાંથી મળે?

"તે નદીઓને વહેતી બંધ કરે છે અને ગુપ્ત બાબતો પ્રગટમાં લાવે છે. પરંતુ તમને બુદ્ધિ ક્યાંથી મળે? અને સમજશક્તિનું સ્થળ ક્યાં છે?"

અયૂબ 28:11-12

વિશેષ ધ્યાન:

ડાયસ્પોરા/**BAPS**/
યોગ/ગુજરાતીઓ/દિવાળી



ગંગાના તટપ્રદેશની સરહદોની પેલે પાર, હિંદુઓ પોતાની શ્રદ્ધા, સંસ્કૃતિ અને પરંપરાઓને સમુદ્રો પાર લઈ જાય છે અને જે દેશોમાં સ્થાયી થાય છે ત્યાંના ધાર્મિક, આર્થિક અને સાંસ્કૃતિક ચહેરાને નવો આકાર આપે છે. ચાલો, આજે આપણી પ્રાર્થનાઓ વિદેશમાં વસતા ભારતીયો (ભારતીય ડાયસ્પોરા) પર કેન્દ્રિત કરીએ — જેઓ હવે 1.8 કરોડથી વધુ છે અને વિશ્વમાં ભૌગોલિક રીતે સૌથી વધુ ફેલાયેલા અને સૌથી પ્રભાવશાળી સ્થળાંતરિત સમુદાયોમાંના એક બન્યા છે.

ડાયસ્પોરાની હાજરીનું એક દેખીતું ચિહ્ન મંદિરનિર્માણ છે. કેટલાક નિરીક્ષકો આવા મોટા પાયાના મંદિર પ્રોજેક્ટોને માત્ર ઉપાસનાસ્થાનો કરતાં વધુ ગણે છે — નવા દેશમાં સમુદાયની હાજરી અને સ્થાયીપણાની કાયમી, ભૌતિક જાહેરાત તરીકે, એક પ્રકારના સાંસ્કૃતિક વિસ્તારની નિશાની તરીકે — જ્યારે બીજાઓ તેમને ફક્ત ભક્તિ અને સામુદાયિક જીવનનાં કેન્દ્રો તરીકે જુએ છે. એ જ રીતે, પશ્ચિમની ફિટનેસ અને વેલનેસ સંસ્કૃતિમાં યોગની વ્યાપક લોકપ્રિયતા દર્શાવે છે કે ડાયસ્પોરા દ્વારા હિંદુ મૂળ ધરાવતી આધ્યાત્મિક પ્રથા કેટલી સામાન્ય બની ગઈ છે. ડાયસ્પોરામાં ગુજરાતીઓ ખાસ કરીને અગ્રણી છે; ઐતિહાસિક રીતે તેઓ ઉદ્યોગસાહસિકો, મોટેલ-માલિકો અને વ્યાવસાયિકો તરીકે વિદેશ ગયા અને મજબૂત આંતરરાષ્ટ્રીય વેપારી નેટવર્ક ઊભાં કર્યાં. વિશ્વભરના ભારતીય ડાયસ્પોરામાં આશરે 33% ગુજરાતીઓ હોવાનો અંદાજ છે; સંયુક્ત રાષ્ટ્રે માન્ય કરેલાં 190 સાર્વભૌમ રાષ્ટ્રોમાંથી 129 દેશોમાં તેઓ વસે છે, અને તેમની સંખ્યા કદાચ 60 લાખથી 1 કરોડ જેટલી છે.

વિશ્વભરમાં હિંદુ ડાયસ્પોરા વધતો જાય છે તેમ દિવાળી જેવા હિંદુ ધાર્મિક તહેવારોને વધુ વ્યાપક જાહેર માન્યતા મળી રહી છે. દિવાળી હિંદુઓનો પ્રકાશનો તહેવાર છે, જે અંધકાર પર પ્રકાશના અને અનિષ્ટ પર સારાના વિજયનું પ્રતીક છે (ઘણી વાર રામ સીતાને છોડાવીને ઘરે પાછા લાવ્યા તે કથા સાથે જોડાયેલો). દિવાળી દરમિયાન હિંદુઓ તેલના દીવા (દીવડા) અને મીણબત્તીઓ પ્રગટાવે છે અને લક્ષ્મી તથા ગણેશ જેવા દેવોની પૂજા કરે છે; સાથે ઘણી વાર ફટાકડા અને ઉત્સવના મેળાવડા પણ હોય છે.

પ્રાર્થનાના મુદ્દા

- પ્રાર્થના કરો કે વિદેશમાં વસતા વિશ્વાસીઓ ડાયસ્પોરાના હિંદુઓ સાથે ઈસુનો પ્રેમ ખુલ્લેઆમ વહેંચવાની તેમને મળેલી અદ્ભુત તકને ઓળખે.

  "...છતાં પણ યહોવાહ તારા પર ઊગશે અને તેમનો મહિમા તારા પર દેખાશે. પ્રજાઓ તારા પ્રકાશ તરફ તથા રાજાઓ તારા ઉદયના તેજ તરફ ચાલ્યા આવશે." યશાયા 60:2-3

- પ્રાર્થના કરો કે ગુજરાતી સમાજના ઘણા લોકો સુવાર્તા સાંભળે અને ઈશ્વર ઈસુ દ્વારા જે નવું જીવન અને આશા આપે છે, તેનો ખુલ્લા હૃદયથી સ્વીકાર કરે.

  "પણ ઈશ્વરનું જ્ઞાન, એટલે જે ગુપ્ત રખાયેલું જ્ઞાન સૃષ્ટિના આરંભ પૂર્વેથી ઈશ્વરે આપણા મહિમાને સારુ નિર્માણ કર્યું હતું, તેમની વાત અમે મર્મમાં બોલીએ છીએ. આ જમાનાનાં અધિકારીઓમાંના કોઈને તે જ્ઞાન ની સમજ નથી; કેમ કે જો તેઓને તેની સમજ હોત તો તેઓએ મહિમાવાન પ્રભુને વધસ્તંભે જડ્યાં ન હોત. પણ લખેલું છે કે, "જે બાબતો આંખે જોઈ નથી, કાને સાંભળી નથી, જે માણસના મનમાં પ્રવેશી નથી, જે બાબતો ઈશ્વરે પોતાના પ્રેમ કરનારાઓને માટે તૈયાર કરી છે." 1 કરિંથીઓ 2:7-9

- પ્રાર્થના કરો કે દિવાળી ઊજવનારાઓ અંધકારને બદલે સાચા પ્રકાશને પસંદ કરવાની પોતાની તકને ઓળખે — અને ઓળખે કે ઈસુએ વધસ્તંભ પરના પોતાના કાર્ય દ્વારા આપણો ઉદ્ધાર કર્યો છે, જેથી આપણને ઈશ્વર પાસે "ઘરે" પાછા લાવે.

  "પણ હમણાં પાપથી મુક્ત થઈને ઈશ્વરના દાસ થયા હોવાથી તમને પવિત્રતાને અર્થે પ્રતિફળ અને અંતે અનંતજીવન મળે છે." રોમનો 6:22

દિવસ 7

8 નવેમ્બર

હિંદુ લોકો માટે વૈશ્વિક પ્રાર્થના દિવસ

હિંદુ જગત માટેના આ વૈશ્વિક પ્રાર્થના દિવસે, ચાલો પ્રાર્થના કરીએ કે પવિત્ર આત્માના સામર્થ્ય અને હાજરી દ્વારા દરેક હિંદુને ઈસુ ખ્રિસ્તનો સાચો અનુભવ થાય. ચાલો પ્રાર્થના કરીએ કે અંધાપાનો પડદો દૂર થાય અને વિશ્વભરના હિંદુઓ ઈસુના ચહેરામાં સુવાર્તાનો પ્રકાશ જુએ! 2 કરિંથીઓ 4:6. આ દિવસે અમે દરેકને 5 લોકો માટે નામ લઈને પ્રાર્થના કરવા પણ વિનંતી કરીએ છીએ — તમે ઓળખતા હો એવા લોકો, જેમને ઈસુની જરૂર છે!

12 GLOBAL PRAYER POINTS

1. Pray for Jesus Christ to be exalted in every nation and for the Gospel to be proclaimed and to reach all people. (Matthew 24:14)
2. Pray for multiplying house churches to be planted among unreached megacities around the world.
3. Pray for the Lord of the Harvest to send forth laborers to every people group, tribe and nation. (Luke 10:2)
4. Pray for houses of prayer and worship to be established in cities and among the nations. (Mark 11:17)
5. Pray for unity in the Body of Christ and for the Holy Spirit to bring revival, humility and love. (John 17:23)
6. Pray for Bible translation and the Gospel to be made accessible in every language and culture.
7. Pray for believers experiencing persecution to stand firm in faith and to be strengthened. (Acts 4:3:1)
8. Pray for children and youth to encounter Jesus and to be raised up as a generation of kingdom leaders. (Joel 2:28)
9. Pray for the breakthrough of the Gospel in places of spiritual darkness and oppression. (2 Cor. 4:4-6)
10. Pray for the forgotten – the poor, the sick, the marginalized, and the lonely – that they may experience God's love. (Psalm 146:7)
11. Pray for migrants, refugees, and displaced people to find hope and safety in Jesus. (Matthew 9:37-38)
12. Pray for women, girls, and families to be protected, healed, and empowered by God's love. (Psalm 72:1-4)

https://aqueductproject.zoom.us/j/82923936247
પાસકોડ: 2818



વિશ્વભરના લોકો સાથે 24 કલાકની સતત પ્રાર્થનામાં જોડાઓ, અથવા આપણા જગતના હિંદુ લોકોને ઈસુ આગળ રજૂ કરવા માટે મિત્રો અને કુટુંબ સાથે સ્થાનિક સ્તરે ભેગા થાઓ.

સુવાર્તાથી વંચિત આ 21 મહાનગરો માટે પ્રાર્થના કરીએ

1. Ahmedabad, India
2. Amritsar, India
3. Asansol, India
4. Bangalore, India
5. Bhopal, India
6. Chittagong, Bangladesh
7. Dhaka, Bangladesh
8. Delhi, India
9. Hyderabad, India
10. Jaipur, India
11. Kanpur, India
12. Kathmandu, Nepal
13. Kolkata, India
14. Lucknow, India
15. Mumbai, India
16. Patna, India
17. Prayagraj, India
18. Siliguri, India
19. Srinagar, India
20. Surat, India
21. Varanasi, India

2027

5 GLOBAL DAYS OF PRAYER

WORLDWIDE WORSHIP & PRAYERS FOR GOSPEL MOVEMENTS, REVIVAL & TRANSFORMATION



JANUARY 31ST

Global Day of Prayer
for Buddhist Peoples
(Lunar New Year)

MARCH 5TH

Global Day of Prayer
for Muslim Peoples
(Night of Power)

MAY 16TH

Global Day of Prayer for
the Worldwide Church
(Pentecost)

OCTOBER 29TH

Global Day of Prayer
for Hindu Peoples
(Diwali)

OCTOBER 11TH

Global Day of Prayer
for Jewish Peoples
(Day of Atonement)

Praying God's Word

365-Day Guide for the World

Join a global movement of intercessors praying by name for: marketplace leaders, church planters, Bible translators, women's leaders, children's ministry leaders and movement leaders - as they declare His Name among the 110 Gateway Cities of the unreached world.

Sign up at the YouVersion Bible app on iOS and Android platforms.



SIGN UP HERE

ગંગા નદીના કિનારે
એક પ્રાર્થના યાત્રા

હિંદુ લોકો માટે
7 દિવસની પ્રાર્થના

પ્રાર્થના માર્ગદર્શિકા 2026

ભાગીદારીમાં પ્રકાશિત:

110 Cities | 2 Dollar Campaign | ftt finishing the task | 24:14 | YouVersion | PRAYER TOOLS

IPC દર વર્ષે પાંચ પ્રાર્થના માર્ગદર્શિકાઓની સામગ્રી લખે અને પ્રકાશિત કરે છે. દરેક માર્ગદર્શિકાનું 30 ભાષાઓમાં ભાષાંતર થાય છે અને તે વિશ્વભરની વ્યક્તિઓ તથા સહભાગી સેવાકાર્યોને ઉપલબ્ધ કરાવવામાં આવે છે. 10 કરોડથી વધુ ઈસુના અનુયાયીઓએ આ નિ:શુલ્ક સંસાધનોનો ઉપયોગ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે.

આ સંસાધન ઇન્ટરનેશનલ પ્રેયર કનેક્ટ (IPC) દ્વારા લખવામાં અને પ્રકાશિત કરવામાં આવ્યું છે. પ્રાર્થના, શિક્ષણ અને સેવાકાર્ય માટેના બિનવ્યાવસાયિક હેતુઓ માટે તેને મુક્તપણે વહેંચી અને વિતરિત કરી શકાય છે. જો તમે આ સામગ્રીના કોઈ પણ ભાગનું વ્યાવસાયિક હેતુઓ માટે પુનઃઉત્પાદન, રૂપાંતર કે ઉપયોગ કરવા ઇચ્છતા હો, તો પરવાનગી માટે કૃપા કરીને IPCનો સંપર્ક કરો.

આ માર્ગદર્શિકામાં ઉલ્લેખિત બાહ્ય વેબસાઇટ્સ કે ત્રીજા પક્ષના સ્રોતો પરની માહિતીની સામગ્રી અથવા ચોકસાઈ માટે ઇન્ટરનેશનલ પ્રેયર કનેક્ટ (IPC) જવાબદાર નથી.

વ્યક્તિઓની ગોપનીયતા અને સલામતીના રક્ષણ માટે નામો અને ઓળખ આપતી કેટલીક વિગતો બદલવામાં આવી છે.

આ સંસાધનમાંનાં બધાં ચિત્રિત પાત્રો ઉદાહરણ માટે બનાવાયેલાં કાલ્પનિક ચિત્રણો છે. તેઓ વાસ્તવિક વ્યક્તિઓને દર્શાવતાં નથી; જીવિત કે મૃત કોઈ પણ વાસ્તવિક વ્યક્તિ સાથે કોઈ સામ્યતા હોય તો તે સંપૂર્ણપણે સંયોગ છે.

શાસ્ત્રવચનો Gujarati Indian Revised Version (IRV), © 2019 Bridge Connectivity Solutions માંથી લેવામાં આવ્યાં છે અને Creative Commons Attribution-ShareAlike 4.0 (CC BY-SA 4.0) લાઇસન્સ હેઠળ ઉપયોગમાં લેવાયાં છે (ebible.org). ગીતશાસ્ત્રના અધ્યાયોનો ક્રમાંક અંગ્રેજી બાઇબલ મુજબ છે.

ઇન્ટરનેશનલ પ્રેયર કનેક્ટ (IPC), જે ઇન્ટરનેશનલ પ્રેયર કાઉન્સિલ તરીકે પણ ઓળખાય છે, યુનાઇટેડ સ્ટેટ્સમાં નોંધાયેલી 501(c)(3) બિનનફાકારી સંસ્થા છે. નોંધાયેલું કાર્યાલય: 313 E Wiser Lake Rd, Lynden WA, 98264, USA

WWW. IPCPRAYER.ORG

2 BILLION CHILDREN

CHILDREN HAVE THE POWER TO CHANGE THE WORLD!



There are over 2 Billion children in the world under the age of 15 years. More than 1 Billion live in Asia, and more than 500 Million live in Africa.

IMAGINE... ALL CHILDREN

HEARING the voice of their Heavenly Father

KNOWING their identity in Christ

EMPOWERED by God's Spirit to share His love



GOD WANTS EVERY CHILD TO BE A WORLD CHANGER!



WILL YOU JOIN US?!

INSPIRATION • TRAINING • CHAMPIONS! • PRAY

PROUD TO BE PARTNERING WITH:

www.2bc.world

Lausanne Hethne Consultation 2028

Lausanne hethne CONSULTATION 2028
Let Your Light Shine Among the Hethne









Let Your Light Shine Among the Hethne

The **Global Hethne Consultation 2028** will bring together a carefully selected group of leaders, practitioners, and collaborators from across the world who are engaged in ministry among Hethne people and their diaspora.

Join us

24 - 28
April 2028
Thailand

CONTACT: hethne2028@lausanne.org | www.lausanne.org/hethne2028

Lausanne MOVEMENT